પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૮ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૯, બુધવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નર્મદાનું પાણી પારસ છે : મોદી

**નમામિ દેવી નર્મદા નીર વધામણા કાર્યક્રમમાં મોદી જોડાયા : પર્યાવરણના જતન સાથે વિકાસ શક્ય : કેવડિયા પર્યાવરણ અને ટેકનોલોજીના ઉપયોગનો સુગમ સમન્વય : નવી સરકાર વધારે ઝડપથી કામ કરશે : મોદી**

અમદાવાદ, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના જન્મદિવસે કેવડિયા ખાતે ઐતિહાસિક સપાટીએ પહોંચેલી નર્મદા નીરના વધામણા કર્યા હતા અને ભવ્ય ઉજવણીમાં જોડાયા હતા. મોદીએ નમામિ દેવી નર્મદે નીર ઉત્સવના યાદગાર બનાવી દીધો હતો. કેવડિયામાં જલસાગર અને જનસાગરનો અનોખો સંગમ આજે જોવા મળ્યો હતો. મોદીએ નર્મદા નીરના વધામણા કર્યા બાદ જાહેર સભાને સંબોધન કર્યું હતું જેમાં સરકારની વિકાસ કામગીરીની વાત કરી હતી. સાથે સાથે નવી સરકાર પહેલા કરતા વધુ ઝડપથી કામ કરશે તેવી ખાતરી પણ આપી હતી. કેવડિયા પર્યાવરણ અને ટેકનોલોજીના ઉપયોગનો સુગમ સમન્વય હોવાની વાત કરી હતી. પર્યાવરણના જતન સાથે પણ વિકાસ કરી શકાય છે તે બાબત આજે પુરવાર થઈ ગઈ છે. કેવડિયા ખાતે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ૭૦મા જન્મદિને નર્મદાના નીરના વધામણા કર્યા બાદ જાહેરસભાને સંબોધન કર્યું હતું. મોદીએ નમામિ દેવી નર્મદે અને કેમ છો ટીપીકલ ગુજરાતી તરીકે સંબોધનથી જાહેરસભાની શરૂઆત કરી હતી અને આવજો કહીને પોતાનું સંબોધન પૂર્ણ કર્યું હતું. પીએમ મોદીએ વિશાળ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, આજે આ મંચ પર બેઠો હતો. થોડું મગજ મારું જૂના જમાનાની યાદોમાં જતુ



રહ્યું હતું. મને મનમાં થતું હતું કે, આજે મારા હાથમાં કેમેરો હોત અને ઉપરથી દ્રશ્ય જોતો હતો કે, આજે કેવડિયામાં જલસાગર અને જનસાગરનું મિલન થયું છે. ફોટોગ્રાફી કરનારને આવું દ્રશ્ય બહુ ઓછું જોવા મળે છે. મારૂ સૌભાગ્ય છે કે, મા નર્મદાના દર્શન અને પૂજાનો અવસર મળ્યો છે. માં નર્મદાનું પાણી એ પારસ છે, જે પાણી માટીને અડે છે, ત્યારે તેને સોનુ બનાવી દે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, હું તમામ ગુજરાતીવાસીઓને નર્મદા ઉત્સવના આ પ્રસંગે હું શુભેચ્છા પાઠવું છું. દેશના ચાર રાજ્યોને જનતા અને ખેડૂતોને આ યોજનાનો લાભ મળી રહ્યો છે. કેવડિયામાં પ્રકૃતિ અને વિકાસનો અનુભવ થયો છે અને સરદાર પટેલની ભવ્ય પ્રતિમા અમને આશીર્વાદ આપતી નજર આવે છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, પહેલાં નર્મદા ડેમ ૧૨૨ મીટર ભરાયો હોય તેને મોટી સિદ્ધી મનાતી હતી. આજે ૧૩૮ મીટર ભરાવું મોટી સિદ્ધી છે. આજની સિદ્ધીએ પહોંચાડવા માટે સામાન્યમાં સામાન્ય માણસનું પણ યોગદાન રહ્યું છે. આ ઉપરાંત અનેક સંગઠનો અને સાધુ સંતોનું પણ યોગદાન રહ્યું છે. તળાવો, ઝીલો અને નદીઓ સાફ સફાઈનું કામ થઈ રહ્યું છે. આવનારા દિવસોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ થવાનું છે. આજની પ્રેરણા હેઠળ જળ જીવન મિશન આગળ

● અનુસંધાન પાન-૭ પર







## ન્યુઝ ટ્રેક

**ઉત્તરપ્રદેશમાં ભારે પૂર**

યમુના નદીનુ જળસ્તર સતત વધી રહ્યુ છે જેના કારણે સેન્ટ્રલ યુપીના કેટલાય જિલ્લાઓમાં પાણી ભરાયા છે. ગ્રામિણો બેઘર થઈ ગયા છે. જનજીવન પૂર્ણરૂપે બેહાલ બની ગયુ છે.

**અફઘાનિસ્તાનમાં આત્મઘાતી હુમલો**

અફઘાનિસ્તાનમાં પરવન શહેરમાં આત્મઘાતી હૂમલો થયો હતો. રાષ્ટ્રપતિ અશરફ ગનીની સભાના કાર્યક્રમ દરમ્યાન આ હૂમલો થતાં ઓછામાં ઓછા ૨૪ લોકના મૃત્યુ નીપજ્યા છે જ્યારે અનેક ઘાયલ થયા છે.

**નીના ગુપ્તાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ**

બોલીવુડ એક્ટ્રેસ નીના ગુપ્તાને ઈન્ડિયન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ઓફ બોસ્ટનમાં ‘ધ લાસ્ટ કલર’ માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ અપાયો છે. ધ લાસ્ટ કલર ભારતની વિધવા મહિલાઓ પર આધારિત છે.

**એનએસજીની સુરક્ષા વ્યવસ્થા લેવાનો ગૃહ મંત્રી અમિત શાહનો ઈનકાર**

ગૃહમંત્રી અમિત શાહે એનએસજીની સિક્યુરિટી લેવાનો ઈનકાર કરી દીધો છે. હાલમાં શાહની સુરક્ષા સીઆરપીએફ દ્વારા કરવામાં આવે છે. સૂત્રોના કહેવા પ્રમાણે અમિત શાહે તેમની સુરક્ષા માટેની સમિતિની બેઠકમાં કહ્યુ હતુ કે, સીઆરપીએફની સુરક્ષા વ્યવસ્થા બરાબર છે.

## પોક એક દિવસ ભારતનો હિસ્સો બનશે : જયશંકર

**પડોશી દેશ ત્રાસવાદને હજુ પણ ટેકો આપે છે : મોદી-૨ સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ થવા ઉપર વિદેશ મંત્રાલયની સિદ્ધિઓને લઇ વાત કરી : પાકિસ્તાન સાથે હાલ કોઇપણ પ્રકારની વાતચીત કરાશે નહીં : વિદેશમંત્રી**

નવીદિલ્હી, તા. ૧૭

વિદેશમંત્રી એસ જયશંકરે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને લઈને આજે મોટુ નિવેદન કર્યું હતું જેની ચર્ચા આગામી દિવસોમાં રહે તેમ માનવામાં આવે છે. જયશંકરે પોકને ભારતીય હિસ્સા તરીકે ગણાવીને નવી ચર્ચા જગાવી દીધી છે. જયશંકરે કહ્યું હતું કે, તેમને આશા છે કે, પોક એક દિવસ ભારતના ભૌગોલિક હિસ્સા તરીકે રહેશે. જ્યાં સુધી પડોશી દેશ આતંકવાદને પ્રોત્સાહન આપવાનું બંધ નહીં કરે ત્યાં સુધી તેની સાથે કોઈપણ પ્રકારની વાતચીત યોજવામાં આવશે. મોદી-૨ના ૧૦૦ દિવસ પુરા થવાના પ્રસંગે વિદેશ મંત્રાલયની મોટી સિદ્ધિઓની વાત કરતા જયશંકરે કહ્યું હતું કે, પાકિસ્તાન એક યુનિક પડકાર તરીકે છે. તેમણે ઉમેર્યું હતું કે, અમને એક પડોશી દેશ તરફથી વારંવાર પડકારો મળતા રહે છે. પાકિસ્તાન સાથે સંબંધો એ વખત સુધી સુધરશે નહીં જ્યાં સુધી એક સામાન્ય પડોશી દેશ તરીકે તે બની જતું નથી અને સરહદ પાર આતંકવાદ પર પ્રતિબંધ લાગૂ કરતો નથી. જયશંકરે કહ્યું હતું કે, પાકિસ્તાનની સાથે અમારા એક જ મુદ્દા પર સંબંધો રહેલા છે. પાકિસ્તાન આતંકવાદીઓને સતત સમર્થન અને ટેકો આપે છે. પોતાની આ નીતિમાં ફેરફાર પાકિસ્તાન કરી રહ્યું નથી.

## રાજસ્થાનમાં બસપાના ૬ ધારાસભ્ય કોંગ્રેસમાં જોડાયા

જયપુર,તા.૧૭

બહુજન સમાજવાદી પક્ષના વડા માયાવતીને આજે સવારે એક જોરદાર આંચકો લાગ્યો હતો જ્યારે રાજસ્થાનમાં તેમના પક્ષના બધાજ એટલે કે છએ છ ધારાસભ્યો કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

લોકસભાની છેલ્લી ચૂંટણી પછી લગભગ દરેક વિપક્ષના સભ્યો આ રીતે પક્ષપલટો કરી રહ્યા છે. ક્યાંક કોંગ્રેસના અને એનસીપીના સભ્યો ભાજપમાં જોડાઈ રહ્યા છે તો ક્યાંક આ રીતે બસપા અને સપાના સભ્યો પાટલી બદલી રહ્યા છે.

સોમવારે મોડી રાત્રે રાજસ્થાન વિધાનસભાના અધ્યક્ષે આ છએ છ સભ્યોને પાટલી બદલવાની પરવાનગી આપી હતી. બસપાના આ છ સભ્યોનાં નામ આ પ્રમાણે છે- રાજેન્દ્ર સિંઘ ગુઢા, જોગેન્દ્ર સિંઘ અવાના, વાજિબ અલી, લખન સિંઘ મીણા, સંદીપ યાદવ અને દીપચંદ. માયાવતીને રાજસ્થાનમાં આ રીતે બહુ મોટો ફટકો પડ્યો હતો.

## રાજનાથસિંહ આવતીકાલે તેજસમાં ઉડાન ભરશે

બેંગ્લોર,તા.૧૭

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સ્વદેશી હળવા યુદ્ધવિમાનમાં ઉડાણ ભરનાર છે. રાજનાથસિંહ આ ઉડાણ ૧૯મી સપ્ટેમ્બરના દિવસે કર્ણાટકના પાટનગર બેંગ્લોરમાં ભરનાર છે. ગયા શુક્રવારના દિવસે તેજસે સફળરીતે ઉતરાણ કરવામાં સફળતા હાંસલ કરી હતી. આ ઉતરાણ દરમિયાન નીચેથી સ્થાપિત કરવામાં આવેલા તારની મદદથી વિમાનની ગતિ ઓછી કરવામાં આવે છે.

## ભારત-પાકિસ્તાનના વડાપ્રધાન સાથે મુલાકાત કરીશ : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૧૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે, તેઓ ટૂંક સમયમાં ભારત અને પાકિસ્તાનના વડાપ્રધાન સાથે મુલાકાત કરશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાની દિશામાં પ્રગતિ થઈ છે. ટ્રમ્પ ૨૨ સપ્ટેમ્બરે હ્યૂસ્ટનમાં યોજાનારા હાઉડી મોદી કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીની સાથે ભારતીય અમેરિકનોને સંબોધિત કરશે, પરંતુ તેઓ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન સાથે કયારે મળશે તે અંગે તેમણે કોઈ જાણકારી આપી નથી. ટ્રમ્પે સોમવારે વ્હાઈટ હાઉસમાં એક સવાલના જવાબમાં મીડિયાને

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

WALK-IN
Sunselect
SIMPLY SMARTER SOLAR
Australia's Leading Solar company (MNC) is coming to GANDHINAGAR
Are you bright, inventive & tenacious ?
We are looking to bring on talented professionals.
POSITION
Sales Executive (Energy Consultant)
Fluency in English is mandatory
Candidate should be Self-motivated, enthusiastic and proactive
Excellent telephone etiquettes required
Strong customer service skills
2 years of relevant experience is preferred
▶ Australia based customers only
▶ No Night shift and no cold calling
▶ Best incentive structure (Monthly)
▶ Excellent work atmosphere which allows you to be yourself
Please walk in for a personal Interview from 9:00am to 2:00pm Monday to Friday
305, Sidhdhraj Zori, Sargasan Chokdi, Gandhinagar 382423
Please Call OR Whatsapp on: +91 93278 11494
E-mail us on hr@sunselect.com.au • Visit us on www.sunselect.com.au